# પ્રથમ ત્રિમાસિક કસોટી – ૨૦૨૬-૨૭

**ધોરણ – 3 | વિષય – ગણિત** **સમય : ૨ કલાક**

| | | | |
|---|---|---|---|
| **વિદ્યાર્થીનું નામ** | ____________________ | **તારીખ** | ____________ |
| **રોલ નંબર** | __________ | **કુલ ગુણ** | ૪૦ |

## પ્રશ્ન – ૧ : 'નામમાં શું છે?' (CG-૧) [૧૨ ગુણ]

અધ્યયન નિષ્પત્તિ : C૧.૧ – ભારતીય સંખ્યા પદ્ધતિ અને સ્થાનકકિંમતના માળખાનો ઉપયોગ કરીને સંખ્યાઓ રજૂ કરે, પૂર્ણ સંખ્યાઓની તુલના કરે તથા મોટી સંખ્યાઓના નામ જાણે અને વાંચી શકે.

**(A) એક-બે શબ્દમાં જવાબ આપો. (ગમે તે ૨) [૨ ગુણ]**

૧. બે અંકની એવી કઈ સંખ્યા છે જેના બંને અંકો સરખા છે અને તે ૬૧ અને ૭૦ ની વચ્ચે હોય?

________________________________________

૨. ૬૧ કરતાં મોટી, ૬૯ કરતાં નાની, ચાર અક્ષરના નામવાળી, એકમના સ્થાને ૭ હોય તેવી સંખ્યા કઈ?

________________________________________

૩. ૫૦ ને ૫ થી મળતી સંખ્યાના દશકના સ્થાને કયો અંક હશે?

________________________________________

**(B) ખરું કે ખોટું તેમાં નિશાની કરો. (ગમે તે ૩) [૩ ગુણ]**

૧. એકાવન અને બાવનમાં અંતિમ બે અક્ષરો સમાન છે. ( ) ખરું ( ) ખોટું

૨. પતંગ અને ફીરકી ત્રણ અક્ષરના નામ છે. ( ) ખરું ( ) ખોટું

૩. આશાનું નામ આવશિષના નામ કરતાં લાંબું છે. ( ) ખરું ( ) ખોટું

૪. ૨૧ ત્રણ અક્ષરના નામવાળી સંખ્યા છે. ( ) ખરું ( ) ખોટું

**(C) વર્ગીકરણ કરો. (ગમે તે ૧) [૫ ગુણ]**

નીચેની સંખ્યાઓને બે અક્ષરના નામવાળી અને ત્રણ અક્ષરના નામવાળી સંખ્યાઓમાં વર્ગીકૃત કરો:

૧૫, ૧૮, ૨૦, ૨૨, ૩૫, ૮૦, ૯૩, ૫૦, ૧૩, ૩૪

બે અક્ષરના નામવાળી સંખ્યાઓ :

________________________________________

ત્રણ અક્ષરના નામવાળી સંખ્યાઓ :

________________________________________

**(D) ઉખાણાનો જવાબ લખો. (ગમે તે ૧) [૨ ગુણ]**

હું અને મારા મિત્રો ૫૧ થી ૬૦ સુધીની સંખ્યા છીએ. મારા બધા મિત્રોમાં મારું નામ સૌથી વધારે અક્ષરવાળું છે. હું કોણ છું?

________________________________________

________________________________________

## પ્રશ્ન – ૨ : 'રમકડાંની રમતનો આનંદ' (CG-૨) [૧૩ ગુણ]

અધ્યયન નિષ્પત્તિ : C૨.૧ – દ્વિ અને ત્રિપરિમાણીય આકારોને ઓળખે, તુલના કરે, તેમનાં લક્ષણો/ગુણધર્મોનું વિશ્લેષણ કરે અને યોગ્ય શબ્દભંડોળનો ઉપયોગ કરે.

**(A) યોગ્ય વિકલ્પ પસંદ કરો. (ગમે તે ૩) [૩ ગુણ]**

૧. પાસામાં કુલ કેટલી સપાટી હોય છે? ____ ________________ (A) ૪ (B) ૬ (C) ૮ (D) ૧૨

૨. નળાકારને આડો રાખતાં તે _______________ શકે છે. (A) સરકી (B) ગબડી

૩. શંકુનો પાયો __________________ હોય છે. (A) વર્તુળાકાર (B) ચોરસ

૪. લંબઘનને કુલ ______________ સપાટી હોય છે.   (A) ૪   (B) ૬   (C) ૮   (D) ૧૨

**(B) ખાલી જગ્યા પૂરો.  (ગમે તે ૩)  [૩ ગુણ]**

૧. સમઘનની બધી સપાટીઓના માપ ______________ હોય છે. (સરખા, જુદા જુદા)

૨. પાસા પર સંખ્યા ૨ ની વિરુદ્ધ __________ સંખ્યા હોય છે.

૩. ગોળાને એકપણ ______________ નથી. (સપાટી, ખૂણો)

૪. જેની બધી બાજુઓ સમાન હોય તેને ______________ કહેવાય. (સમઘન, ગોળો)

**(C) યોગ્ય જોડકાં જોડો.  [૪ ગુણ]**

| **વિભાગ – અ** | **વિભાગ – બ** |
|---|---|
| ૧. સમઘન | A. બે વક્ર ધાર |
| ૨. નળાકાર | B. બધી સપાટી સમાન |
| ૩. શંકુ | C. ઈંટ જેવો આકાર |
| ૪. લંબઘન | D. અણીદાર ટોચ |

જવાબ : ૧ - _____   ૨ - _____   ૩ - _____   ૪ - _____

**(D) ટૂંકા પ્રશ્નોના જવાબ આપો.  (ગમે તે ૩)  [૩ ગુણ]**

૧. સમઘનના બે ઉદાહરણ આપો.

___________________________________________

૨. ગોળાનું એક ઉદાહરણ આપો.

___________________________________________

૩. પાસામાં કેટલી બાજુઓ હોય?

___________________________________________

૪. નળાકારની સપાટી કેવી હોય?

___________________________________________

૫. શંકુની ટોચ કેવી હોય?

___________________________________________

## પ્રશ્ન – ૩ : 'બેવડી સદી'  (CG-૪)  [૧૫ ગુણ]

અધ્યયન નિષ્પત્તિ : C૪.૧ – કોયડાઓ અને રોજિંદા જીવનની સમસ્યાઓ ઉકેલે, જેમાં પૂર્ણ સંખ્યાઓ પર એક કે એકથી વધુ પ્રક્રિયાઓ કરવાનો સમાવેશ થાય છે.

**(A) સાચો વિકલ્પ પસંદ કરો.  (ગમે તે ૫)  [૫ ગુણ]**

૧. ૬૦ અને _________ મળીને ૧૦૦ થાય.   (A) ૯૦   (B) ૧૦૦   (C) ૪૦   (D) ૫૦

૨. ૩૦ અને _________ મળીને ૧૦૦ થાય.   (A) ૭૦   (B) ૬૦   (C) ૪૦   (D) ૫૦

૩. ૧૦ પેકેટ એટલે _________ ચોખા.   (A) ૫૦   (B) ૨૦   (C) ૧૦૦   (D) ૧૦

૪. ૯૯ કરતાં એક વધુ એટલે કેટલું? ________   (A) ૯૮   (B) ૧૦૦   (C) ૧૦૧   (D) ૯૭

૫. કઈ સંખ્યામાં ૧ વધુ એટલે ૧૦૦? ________   (A) ૯૯   (B) ૧૦૧   (C) ૯૮   (D) ૯૦

૬. ૫૦ + ૫૦ = _________   (A) ૯૦   (B) ૧૧૦   (C) ૧૦૦   (D) ૧૨૦

**(B) મને ઓળખો. હું કોણ છું?  (ગમે તે ૩)  [૩ ગુણ]**

૧. હું ત્રણ અંકની સૌથી નાની સંખ્યા છું.

___________________________________________

૨. હું અંકોનું પુનરાવર્તન ન થતું હોય તેવી બે અંકની સૌથી મોટી સંખ્યા છું.

___

૩. હું દશકના સ્થાને ૨ હોય તેવી બે અંકની સૌથી મોટી સંખ્યા છું.

___

૪. મારામાં ૧ ઉમેરતાં ૧૭૧ થાય.

___

**(C) નીચેની સંખ્યાઓને શબ્દોમાં લખો. (ગમે તે ૨) [૨ ગુણ]**

૧૧૫ = ___________________

૧૪૭ = ___________________

૧૭૯ = ___________________

**(D) શબ્દોમાં લખેલી સંખ્યાઓને અંકોમાં લખો. (ગમે તે ૨) [૨ ગુણ]**

એકસો ચોપન = ___________

એકસો બાર = ___________

એકસો એક્યાસી = ___________

**(E) સંખ્યારેખાનો ઉપયોગ કરો. [૩ ગુણ]**

સંખ્યારેખા પર ૧૪૦, ૧૧૦ અને ૧૨૦ દર્શાવો. દરેક સંખ્યા યોગ્ય સ્થાને નિશાન કરો.

| ___ | ___ | ___ | ___ | ___ | ___ | ___ | ___ | ___ | ___ | ___ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૦૦ | ૧૧૦ | ૧૨૦ | ૧૩૦ | ૧૪૦ | ૧૫૦ | ૧૬૦ | ૧૭૦ | ૧૮૦ | ૧૯૦ | ૨૦૦ |

કાર્ય/જવાબ માટે જગ્યા:

___

___